**Extra No. 1**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]    THURSDAY, JANUARY 1, 2026 / PAUSHA 11, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧લી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના તારીખઃ ૨૨મી મે, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએમ/૨૦૨૫/૧૧૪/૧૨૨૫૬/એન-પીએફ-૧. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**The Revenue Talati, Class-III, (Competitive Examination) Rules, 2025**

**મહેસૂલી તલાટી, વર્ગ-૩, (સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૨૫ સંબંધી**
**જાહેરનામું**

**મહેસૂલ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી મે, ૨૦૨૫

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જીએમ/૨૦૨૫/૧૧૪/૧૨૨૫૬/એન-પીએફ-૧:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, જિલ્લા કલેક્ટરોના નિયંત્રણ હેઠળની તાબાની મહેસૂલી સેવામાં મહેસૂલી તલાટી, વર્ગ-૩ની જગા પર સ્પર્ધાત્મક પરીક્ષા પદ્ધતિનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.-

(૧) આ નિયમો, મહેસૂલી તલાટી, વર્ગ-૩, (સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) "પરિશિષ્ટ" એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) "બોર્ડ" એટલે ગુજરાત ગૌણ સેવા પસંદગી બોર્ડ, ગાંધીનગર;

(ગ) "વિભાગ" એટલે મહેસૂલ વિભાગ;

(ઘ) "પરીક્ષા" એટલે મહેસૂલી તલાટી, વર્ગ-૩ની જગા પર સીધી ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા, જેમાં પ્રારંભિક પરીક્ષા (બહુવિધ પસંદગી પ્રશ્નો) (MCQs) અને મુખ્ય પરીક્ષા (વર્ણનાત્મક પરીક્ષા)નો સમાવેશ થશે;

(ચ) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(છ) "સંબંધિત ભરતી નિયમો" એટલે મહેસૂલી તલાટી, વર્ગ-૩ની જગા માટે સરકારે ઠરાવેલા ભરતી નિયમો.

૩. માગણી પત્રકો તૈયાર કરવા માટેની કાર્યરીતિ.-

(૧) દરેક જિલ્લા કલેક્ટરે, જિલ્લા કલેક્ટરના નિયંત્રણ હેઠળની મહેસૂલી તલાટી, વર્ગ-૩ની જગા પર નિમણૂક માટે ખાલી જગાઓ દર્શાવતું માગણી પત્રક મહેસૂલ વિભાગને મોકલવું જોઈશે.

(૨) મહેસૂલ વિભાગે, ત્યાર પછી, પરિશિષ્ટ-ક-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના અથવા વિભાગે નિર્દિષ્ટ કરેલી રીત પ્રમાણેના પત્રક (પ્રોફોર્મા)માં એકત્રિત માગણી પત્રક બોર્ડને મોકલવું જોઇશે.

૪. પરીક્ષા યોજવા બાબત.-

બોર્ડ-એ, વિભાગ તરફથી માગણી પત્રક મળ્યે, મહેસૂલી તલાટી, વર્ગ-૩ની જગા પર ભરતી માટે ઉમેદવારોની પસંદગી કરવા સ્પર્ધાત્મક પરીક્ષા યોજવી જોઇશે.

૫. પરીક્ષાનું સંચાલન અને નિયમન.-

બોર્ડ-એ, પરીક્ષાના સંચાલનને લગતી તમામ બાબતોનું નિયમન કરવું જોઇશે.

૬. પરીક્ષા પદ્ધતિ.-

(૧) પરીક્ષા નીચે પ્રમાણે બે ક્રમિક તબક્કામાં યોજવામાં આવશે:-

(ક) પ્રારંભિક પરીક્ષા: (બહુવિધ પસંદગી પ્રશ્નો) (MCQs)

મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારોની પસંદગી કરવા માટે, પ્રારંભિક પરીક્ષા યોજવી જોઇશે.

(ખ) મુખ્ય પરીક્ષા: (વર્ણનાત્મક પરીક્ષા)

મહેસૂલી તલાટી, વર્ગ-૩ની જગા માટે ઉમેદવારોની આખરી પસંદગી કરવા માટે, મુખ્ય પરીક્ષા યોજવી જોઇશે.

(૨) પ્રારંભિક પરીક્ષા અને મુખ્ય પરીક્ષા, અનુક્રમે પરિશિષ્ટ- ખ અને ગ-માં નિર્દિષ્ટ કરેલી રીતે યોજવી જોઇશે.

(૩) મુખ્ય પરીક્ષા માટે બોલાવવામાં આવેલા ઉમેદવારોની સંખ્યા, ઉપલબ્ધતાને અધીન રહીને, આવી રીતે જાહેર કરેલી ખાલી જગાની સંખ્યા કરતાં પાંચ ગણી હોવી જોઇશે.

૭. રૂપરેખા અને અભ્યાસક્રમ.-

પ્રારંભિક પરીક્ષાની રૂપરેખા અને અભ્યાસક્રમ, પરિશિષ્ટ-ખ-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે રહેશે. મુખ્ય પરીક્ષાની રૂપરેખા પરિશિષ્ટ- ગ-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની રહેશે. તેનો (મુખ્ય પરીક્ષાનો) અભ્યાસક્રમ પરિશિષ્ટ- ઘ-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે. પરિશિષ્ટ-ઘ-માં નિર્દિષ્ટ કરેલા સામાન્ય અભ્યાસ પરના પ્રશ્નપત્ર-૩ના વિષયો માટેના અભ્યાસક્રમની વિગતો, બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવે તેવી રહેશે.

૮. પરીક્ષાનું માધ્યમ.-

પ્રારંભિક પરીક્ષા અને મુખ્ય પરીક્ષાનું માધ્યમ, આ નિયમો સાથે સંબંધિત પરિશિષ્ટોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે રહેશે.

૯. પરીક્ષાનું સ્થળ.-

(૧) પરીક્ષાની તારીખ, તેનો સમય અને તેનું સ્થળ, બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવશે.

(૨) ઉમેદવારે, બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી તારીખોએ, સમયે અને સ્થળે તેના સ્વ-ખર્ચે પરીક્ષાના બન્ને તબક્કામાં ઉપસ્થિત રહેવું જરૂરી રહેશે.

૧૦. પરીક્ષા માટેની અરજી.-

(૧) પ્રારંભિક પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઇચ્છતા ઉમેદવારે, બોર્ડ ઠરાવે તેવા નમૂનામાં (અને) તેટલા સમયમાં, સરકાર નક્કી કરે તેટલી ફી સાથે અરજી કરવી જોઇશે.

(૨) બોર્ડ દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તે સિવાય, ઉમેદવારે કરેલી અરજી પાછી ખેંચવાની વિનંતી, કોઇપણ સંજોગોમાં ધ્યાનમાં લેવી જોઇશે નહિ.

(૩) ફી, બોર્ડ ઠરાવે તેવી રીતે ભરવી જોઇશે અને એક વખત ચૂકવેલી ફી ત્યાર પછીની પરીક્ષા માટે રાખવી જોઇશે નહિ.

(૪) પ્રારંભિક પરીક્ષાના પરિણામને આધારે બોર્ડ દ્વારા મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર જાહેર કરવામાં આવ્યા હોય તેવા ઉમેદવારોએ, ફરીથી અરજી કરવી જરૂરી રહેશે નહિ.

૧૧. પરીક્ષા ફી.-

(૧) દરેક ઉમેદવારે, આ નિયમો હેઠળ પોતે કરેલી અરજીના સંબંધમાં, બોર્ડ ઠરાવે તેવી રીતે (પ્રારંભિક-પરીક્ષા માટેની) પરીક્ષા ફી બોર્ડને ચૂકવવી જોઇશે અને આવી અરજીની સાથે આવી રીતે ચૂકવેલી ફીનો દસ્તાવેજ જોડવો જોઇશે:

પરંતુ જે ઉમેદવારો (પ્રારંભિક) પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હોય અને જેમણે પ્રારંભિક પરીક્ષામાં ઓછામાં ઓછા ૪૦% ગુણ મેળવ્યા હોય તેવા ઉમેદવારોને ચૂકવેલી ફીનું રિફંડ કરવું જોઇશે.

(૨) પ્રારંભિક પરીક્ષાના પરિણામને આધારે બોર્ડ દ્વારા મુખ્ય પરીક્ષા માટે પાત્ર જાહેર કરવામાં આવ્યા હોય તેવા ઉમેદવારે, મુખ્ય પરીક્ષા માટે કોઇ ફી ચૂકવવી જરૂરી રહેશે નહિ.

૧૨. શૈક્ષણિક લાયકાતો અને વયમર્યાદા.-

(૧) મહેસૂલી તલાટી, વર્ગ-૩ની જગા માટેના ભરતી નિયમો હેઠળ, નિમણૂક માટેની જરૂરી શૈક્ષણિક લાયકાતો ધરાવતો હોય અને બીજી શરતો પરિપૂર્ણ કરતો હોય તેવો ઉમેદવાર પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર થશે:

પરંતુ કોઈ ઉમેદવાર સ્નાતકની પદવી શ્રેણીની પરીક્ષામાં છેલ્લા વર્ષ/સત્ર-માં ઉપસ્થિત રહ્યો હોય (અને) તે પરીક્ષા ઉત્તીર્ણ કરવાથી તે નિયમ-૬માં જણાવેલી પરીક્ષા માટે શૈક્ષણિક રીતે પાત્ર (લાયક) થતો હોય, પણ આવી પરીક્ષાનું પરિણામ અરજી પત્રક ભરવાની છેલ્લી તારીખ સુધી જાહેર થયું ન હોય, તો પણ આવી લાયકી પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઇચ્છતા હોય, તેવા ઉમેદવારો પણ પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર થશે:

વધુમાં, દસ્તાવેજની ખરાઇના તબક્કાના સમયે સ્નાતકની પદવી પરીક્ષા ઉત્તીર્ણ કર્યાનો પુરાવો રજૂ કરવામાં નિષ્ફળ રહે તેવો ઉમેદવાર, પસંદગી યાદી અથવા યથાપ્રસંગ, પ્રતિક્ષા યાદીમાં સમાવેશ થવાને પાત્ર થશે નહિ તેમજ તેની ઉમેદવારી રદબાતલ થશે અને શરૂઆતથી જ રદ થયેલી ગણાશે.

(૨) પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર, લઘુતમ ૨૦ વર્ષની વય ધરાવતો હોવો જોઇશે અને બોર્ડ-એ જાહેરાતમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની તારીખે સંબંધિત ભરતી નિયમોમાં ઠરાવેલ મહત્તમ વય ધરાવતો હોવો જોઈશે નહિ:

પરંતુ, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

૧૩. બોર્ડનો નિર્ણય આખરી ગણાશે.-

(૧) પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવારની પાત્રતાના સંદર્ભમાં, બોર્ડનો નિર્ણય આખરી ગણાશે.

(૨) કોઈ પણ સમયે, ઉમેદવાર પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે અપાત્ર જણાય, તો તેની ઉમેદવારી શરૂઆતથી જ રદ થયેલી ગણાશે:

પરંતુ ઉમેદવારની પસંદગી અને નિમણૂક અગાઉથી થઈ ગયેલી હોય, તો તેની નિમણૂક શરૂઆતથી જ રદબાતલ ગણાશે અને તેની સેવા તાત્કાલિક સમાપ્ત કરવામાં આવશે:

વધુમાં, ઉમેદવારને સુનાવણીની એક તક આપી હોય તે સિવાય, આવી કોઈપણ નિમણૂક સમાપ્ત કરવામાં આવશે નહિ.

૧૪. લાયકી ધોરણો અને ગુણ.-

બોર્ડ દ્વારા પ્રારંભિક પરીક્ષા અને મુખ્ય પરીક્ષા માટે લાયકી ધોરણ, વખતોવખત અને જો જરૂરી હોય, તો અનામત અને બિન-અનામત ઉમેદવારો માટે અલગથી નક્કી કરવું જોઈશે. તેમ છતાં, બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલું લઘુત્તમ લાયકી ધોરણ, કોઈ સંજોગોમાં, પ્રારંભિક પરીક્ષામાં ૪૦% ગુણ કરતાં ઓછું હોવું જોઈશે નહિ અને મુખ્ય પરિક્ષાના દરેક પ્રશ્નપત્રમાં ૪૦% ગુણ કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

૧૫. મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા બાબત.-

(૧) પ્રારંભિક પરીક્ષા હેતુલક્ષી પ્રકારના (બહુવિધ પસંદગીના પ્રશ્નો (MCQs)) એક પ્રશ્નપત્રની રહેશે અને જે મહત્તમ ૨૦૦ ગુણની રહેશે અને તે માટેનો અભ્યાસક્રમ અને સમયગાળો, પરિશિષ્ટ-ખ-માં નિર્દિષ્ટ કરવામાં આવ્યો હોય તે જ પ્રમાણેનો છે. આ પ્રારંભિક પરીક્ષા માત્ર સ્ક્રીનિંગ ટેસ્ટ (તપાસ કસોટી) તરીકે જ સૂચિત કરવામાં આવી છે. ઉમેદવારે પ્રારંભિક પરીક્ષામાં મેળવેલા ગુણ, આખરી ગુણવત્તા ક્રમ નક્કી કરવા માટે ગણાશે નહિ.

(૨) પ્રારંભિક પરીક્ષામાં ૪૦% કરતાં ઓછા ન હોય તેટલા ગુણ મેળવ્યા હોય તેવો ઉમેદવાર, મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે માત્ર તે શરતને અધીન રહીને પાત્ર થશે કે તે અન્યથા મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે લાયક છે.

પરંતુ બોર્ડનો એવો અભિપ્રાય હોય કે અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (વિચરતી આદિજાતિ અને વિમુક્ત આદિજાતિ સહિત) અથવા આર્થિક નબળા વર્ગો-ના ઉમેદવારો માટે, અનામત રાખેલી ખાલી જગાઓ ભરવા માટેના, સામાન્ય વર્ગ માટે લાયકી ધોરણના આધારે મુખ્ય પરીક્ષા માટે, આ અનામત વર્ગોમાંથી ઉમેદવારોની પૂરતી સંખ્યા ઉપલબ્ધ હોવાની શક્યતા નથી, તો તે, પ્રારંભિક પરીક્ષામાં ધોરણોની છૂટછાટ આપીને, આવા વર્ગોના ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે બોલાવી શકાશે. તેમ છતાં, પ્રારંભિક પરીક્ષામાં દરેક વર્ગ માટેનું લાયકી ધોરણ ૪૦% ગુણ કરતા ઓછું હોવું જોઈશે નહિ.

વધુમાં, મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે લાયક થવા અથવા પરવાનગી આપવાના ઉમેદવારોની સંખ્યા, ઉપલબ્ધતાને અધીન રહીને, આ રીતે જાહેરાતમાં આવેલી ખાલી જગાઓની સંખ્યાના પાંચ ગણી હોવી જોઈશે.

(૩) મહેસૂલી તલાટી, વર્ગ-૩ની જગા માટે ઉમેદવારોની આખરી પસંદગી માટેની મુખ્ય પરીક્ષા પરિશિષ્ટ-ગ-માં નિર્દિષ્ટ કરેલી રીતે યોજવામાં આવશે. પરિશિષ્ટ-ગ-માં નિર્દિષ્ટ કરેલા દરેક પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ, પરિશિષ્ટ-ઘ-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે. ઉમેદવારનો આખરી ક્રમ (રેન્કિંગ), મુખ્ય પરીક્ષામાં તેણે મેળવેલા ગુણના આધારે નક્કી કરવામાં આવશે નહિ. ઉમેદવારે, આખરી પસંદગીમાં લાયક થવા માટે, મુખ્ય પરીક્ષાના દરેક પ્રશ્નપત્રમાં ઓછામાં ઓછા ૪૦% ગુણ મેળવવા જોઈશે.

૧૬. પરીક્ષામાં પ્રતિબંધ (મનાઇ).-

(૧) ઉમેદવારે, પરીક્ષાના તમામ પ્રશ્નપત્રોના જવાબ સ્વ-હસ્તાક્ષરમાં આપવાના રહેશે. તેમ છતાં, લહિયા રાખવાની પાત્રતા ધરાવતા હોય તેવા અશક્ત વ્યક્તિઓની કક્ષામાં આવતા ઉમેદવારને, બોર્ડની મંજૂરીને અધીન રહીને, પરીક્ષામાં લહિયા (Scribe)ની મદદથી લખવાની છૂટ આપવામાં આવશે.

(૨) ઉમેદવારને સેલ્યુલર ફોન, પેજર, ટેબલેટ, આઇ-પેડ, સ્માર્ટ-વોચ અથવા બીજા કોઈપણ ઇલેક્ટ્રોનિક/ સંદેશા-વ્યવહારના સાધન પોતાની સાથે લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૭. શિસ્તવિષયક કાર્યવાહી.-

કોઈપણ ઉમેદવાર,-

(ક) પોતાની ઉમેદવારી માટે કોઈપણ રીતે ટેકો મેળવવા માટે; અથવા

(ખ) બીજાનું નામ ધારણ કરવા માટે; અથવા

(ગ) બીજી કોઇ વ્યક્તિ પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે; અથવા

(ઘ) બનાવટી દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજૂ કરવા માટે; અથવા

(ચ) ભૂલવાળા અથવા ખોટા હોય તેવા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે; અથવા

(છ) પરીક્ષા માટે પોતાની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે; અથવા

(જ) પરીક્ષા દરમિયાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે; અથવા

(ઝ) લખાણોમાં અર્થહીન (બેહૂદી) ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અસંગત (અપ્રસ્તુત) બાબત લખવા માટે; અથવા

(ટ) પરીક્ષા ખંડમાં બીજી કોઇ રીતે ગેરવર્તણૂક કરવા માટે; અથવા

(ઠ) પરીક્ષાના સંચાલન માટે બોર્ડ-એ કામે રાખેલ કર્મચારીવર્ગને હેરાન કરવા અથવા શારીરિક રીતે નુકસાન કરવા માટે; અથવા

(ડ) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા તે પૈકીના કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, મદદગારી કરવા માટે; અથવા

(ઢ) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશ પ્રમાણપત્રમાં ઠરાવવામાં આવેલી અને નિર્દિષ્ટ કરવામાં આવેલી કોઈપણ શરતોનો ભંગ કરવા માટે,

-તેની સામે ફોજદારી કાર્યવાહી કરવાને પાત્ર થશે, તે ઉપરાંત,-

(૧) તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી બોર્ડ દ્વારા ગેરલાયક ઠરાવવાને પાત્ર થશે; અથવા

(૨) (ક) બોર્ડ દ્વારા કોઇપણ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે અથવા સંબંધિત જગા પરની તેની ઉમેદવારી માટે; અથવા

(ખ) સરકાર દ્વારા તેના પોતાના હેઠળના કોઇપણ રોજગારમાંથી

- કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત રહેવાને પાત્ર થશે:

પરંતુ ઉમેદવાર તે અર્થે કરવા માંગતો હોય તેવી લેખિત રજૂઆત કરવાની તેને તક આપ્યા સિવાય અને બોર્ડ અથવા યથાપ્રસંગ, સરકાર-ની પૂર્વ-મંજૂરી સાથે, પેટા-ખંડ (ક) અથવા (ખ) હેઠળની કોઇ શિક્ષા કરી શકાશે નહિ;

(૩) તે સરકારી સેવામાં હોય, તો સંબંધિત નિયમો હેઠળ શિસ્તવિષયક કાર્યવાહીને પાત્ર થશે.

૧૮. પરિણામ, પસંદગી યાદીની જાહેરાત અને પ્રતિક્ષા યાદી તૈયાર કરવા બાબત.-

(૧) મુખ્ય પરીક્ષામાં હાજર રહેલા તમામ ઉમેદવારોનું પરિણામ બોર્ડ દ્વારા મુખ્ય પરીક્ષામાં દરેક ઉમેદવારને છેલ્લે આપવામાં આવેલા ગુણના આધારે ગુણવત્તા ક્રમમાં તૈયાર કરવામાં અને ગોઠવવામાં આવશે, જેમાં બોર્ડ યોગ્ય ગણે તેવી વિગતોને નિર્દિષ્ટ કરવામાં આવશે.

(૨) બોર્ડ-એ, ઉમેદવારો દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજોની ખરાઈના હેતુ માટે, માંગણી પત્રક અને જાહેરાતમાં અપાયેલી ખાલી જગાની સંખ્યાથી બે ગણી સંખ્યાના પ્રમાણમાં, લાયક ઉમેદવારોને વ્યક્તિગત રીતે બોલાવવા જોઈશે. બોર્ડ દ્વારા લાયક જાહેર

કરવામાં આવેલા તમામ ઉમેદવારોએ અરજી પત્રક ભરતી વખતે તેમના દ્વારા રજૂ કરવામાં આવેલા અન્ય દસ્તાવેજો સાથે સ્નાતકની પરીક્ષા ઉત્તીર્ણ કર્યા હોવાનો પુરાવો રજૂ કરવો જોઇશે.

(૩) બોર્ડ-એ, દસ્તાવેજોની ખરાઈ કરતી વખતે, લાયકાત ધરાવતા ઉમેદવારોને, જ્યાં તેઓ નિમણૂક માટે વિચારણા કરવા ઈચ્છતા હોય તે તમામ ઉપલબ્ધ જિલ્લાઓ માટે, બોર્ડ નક્કી કરે તેવી રીતે અને તેવા નમૂનામાં, અગ્રતાક્રમ સૂચવવા પૂછવું જોઈશે. બોર્ડ દ્વારા પસંદગીનું કોઈ આંશિક સૂચન સ્વીકારવું જોઇશે નહિ:

પરંતુ ઉમેદવારે એક વખત આપેલી પસંદગી આખરી ગણાશે અને પસંદગીમાં સુધારા, વધારા, ફેરફાર કરવા અથવા તે બદલવા અંગેની કોઇ વિનંતી બોર્ડ દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહિ:

(૪) બોર્ડ-એ, ત્યાર પછી, પરીક્ષાનું પરિણામ નીચે મુજબ બે ભાગમાં તૈયાર કરીને, જાહેર કરવું જોઇશે:-

ભાગ-૧

(૧) પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માટે લાયક ઠરેલા ઉમેદવારની ગુણવત્તા મુજબ માંગણી પત્રક અને જાહેરાતમાં આપેલી ખાલી જગાની સંખ્યાના પ્રમાણમાં પસંદગી યાદી, જેમાં તેમના નામ, બેઠક ક્રમાંક અને તેમણે મેળવેલા કુલ ગુણનો સમાવેશ થાય છે.

(૨) પ્રતિક્ષા યાદીમાં સમાવિષ્ટ થવા માટે લાયક ઠરેલા ઉમેદવારની ગુણવત્તા મુજબ માંગણી પત્રક અને જાહેરાતમાં આપેલી વર્ગવાર ખાલી જગાની સંખ્યાના ૨૦% સંખ્યાના પ્રમાણમાં પ્રતિક્ષા યાદી.

સફળ ઉમેદવારોનું પરિણામ બોર્ડના નોટિસ બોર્ડ અને/અથવા બોર્ડની વેબસાઇટ પર ઉપર નિર્દિષ્ટ કર્યા મુજબ પ્રસિદ્ધ કરવું જોઇશે. બોર્ડ-એ, ત્યાર પછી, રાજપત્રમાં પ્રસિદ્ધ કરવાની પરિણામની નકલ સરકારના મહેસૂલ વિભાગને મોકલવી જોઈશે અને તેની નકલ સંબંધિત જિલ્લા કલેક્ટરને મોકલવી જોઈશે.

બોર્ડ-એ, પોતે નિર્દિષ્ટ કરે તેવી રીતે, વ્યક્તિગતપણે સફળ ઉમેદવારોને પરિણામની જાણ કરવી જોઇશે.

ભાગ ૨: બોર્ડ-એ, જેમનો સમાવેશ ભાગ ૧-માં કરવામાં આવ્યો ન હોય તેવા અસફળ ઉમેદવારોની યાદી, તેમના નામ, બેઠક ક્રમાંકો અને તેમણે મેળવેલા કુલ ગુણ દર્શાવીને તૈયાર કરવી જોઇશે અને તેને, બોર્ડના નોટિસ બોર્ડ પર અને/અથવા વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવી જોઇશે.

૧૯. મુખ્ય પરીક્ષાના ગુણની પુન:ચકાસણી બાબત.-

(૧) મુખ્ય પરીક્ષાના પોતાના ગુણની પુન:ચકાસણી કરાવવા ઈચ્છતો હોય તેવો ઉમેદવાર, મુખ્ય પરીક્ષાનું પરિણામ જાહેર કર્યાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર દરેક પ્રશ્નપત્ર દીઠ બોર્ડ નક્કી કરે તેટલી ફી સાથે બોર્ડને અરજી કરી શકશે.

(૨) મુખ્ય પરીક્ષાનું ગુણપત્રક મેળવવા ઈચ્છતો હોય તેવો ઉમેદવાર, મુખ્ય પરીક્ષાનું આખરી પરિણામ જાહેર કર્યાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર બોર્ડ નક્કી કરે તેટલી ફી સાથે બોર્ડને અરજી કરવી જોઇશે.

(૩) કોઈપણ સંજોગોમાં મુખ્ય પરીક્ષાના કોઈપણ ભાગના ગુણ, આખરી પરિણામની સત્તાવાર જાહેરાત પહેલાં જાહેર કરવા જોઈશે નહિ.

(૪) કોઈપણ સંજોગોમાં મુખ્ય પરીક્ષાના કોઈ અથવા તમામ પ્રશ્નપત્રોનું પુન:મૂલ્યાંકન કરવા માટેની વિનંતીને બોર્ડ દ્વારા ગ્રાહ્ય રાખવામાં અથવા સ્વીકારવા જોઇશે નહિ.

૨૦. નિમણૂક માટે જિલ્લાની ફાળવણી માટેની કાર્યરીતિ.-

(૧) આ નિયમોના નિયમ ૧૮ના પેટા-નિયમ (૩)માં નિર્દિષ્ટ કર્યા મુજબ પસંદગી રજૂ કરતી વખતે ઉમેદવારે સૂચવેલા જિલ્લા માટે પસંદગીનો ક્રમ જિલ્લામાં નિમણૂકનો કોઈ હક આપશે નહિ. ગુણવત્તા ક્રમમાં આવેલા રેન્ક અને જિલ્લામાં ઉપલબ્ધ જગાઓની સંખ્યાને ધ્યાનમાં લઈને, ફાળવણી વખતે બોર્ડ-એ, ઉમેદવારે આપેલા અગ્રતાક્રમને ધ્યાનમાં લેવો જોઈશે.

(૨) આ નિયમોના નિયમ ૧૮ના પેટા-નિયમ (૩)માં નિર્દિષ્ટ કર્યા મુજબ અગ્રતાક્રમ રજૂ કરતી વખતે ઉમેદવાર દ્વારા આપવામાં આવેલી પસંદગી પ્રમાણે, ઉપલબ્ધ ખાલી જગાના આધારે, ગુણવત્તા ક્રમમાં, જિલ્લો ફાળવવો જોઈશે.

(૩) અનામત વર્ગનો ઉમેદવાર તેની પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે, પણ પોતે આપેલા અગ્રતાક્રમ પ્રમાણે, તેણે આપેલી મર્યાદિત અગ્રતા (પસંદગી)ની અંદર તેને પસંદગીનો જિલ્લો મળતો ન હોય અને અનામત વર્ગના આવા ઉમેદવાર દ્વારા આપેલા મર્યાદિત અગ્રતાક્રમ પ્રમાણે જિલ્લામાં અનામત વર્ગની જગા ઉપલબ્ધ હોય, તો તેવા કિસ્સામાં, આવા ઉમેદવારને જિલ્લાની

અનામત વર્ગની એવી જગાઓની સામે તે જિલ્લાની ફાળવણી કરવી જોઇશે. આવી અનામત જગા, આવા વર્ગના અનામત ક્વોટા સામે ભરાયેલી જગા તરીકે ગણવી જોઇશે.

(૪) બોર્ડ-એ, માંગણી પત્રક મુજબની ખાલી જગા પ્રમાણે ગુણવત્તાક્રમમાં આ જગા પર નિમણૂક માટે પસંદગી પામેલા, ફાળવાયેલા અને ભલામણ કરાયેલા ઉમેદવારોની યાદી, ઉમેદવારના વર્ગ, તેની જન્મ તારીખ અને બોર્ડ ને યોગ્ય લાગે તેવી અન્ય વિગતો સાથે, સંબંધિત કલેક્ટરને મોકલવી જોઈશે.

બોર્ડ-એ, જિલ્લાને નિમણૂક માટે ફાળવણીની જાણ કર્યા પછી, સફળ ઉમેદવારો સાથે કોઈ વધુ પત્રવ્યવહાર કરવો જોઈશે નહિ.

(૫) પસંદગી યાદીમાં તમામ ઉમેદવારોને જિલ્લાની ફાળવણીની પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી, જો કોઈ જગા ખાલી રહી જાય છે તો, આ નિયમના પેટા-નિયમ (૧) થી (૪)માં નિર્દિષ્ટ કરેલી રીતે આવી ખાલી જગા ભરવા માટે પ્રતિક્ષા યાદીમાંથી ઉમેદવારોના નામને વિચારણામાં લેવામાં આવશે.

૨૧. નિમણૂક.-

બોર્ડ-એ, આ નિયમોના નિયમ ૨૦માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ઉમેદવારોને જિલ્લાની ફાળવણી નક્કી કર્યા પછી, નિમણૂક માટે સંબંધિત જિલ્લા કલેક્ટરને ઉમેદવાર સાથે જિલ્લા ફાળવણીની યાદી મોકલવી જોઈશે. સંબંધિત નિમણૂક કરનાર સત્તાધિકારી (જેમ કે, સંબંધિત જિલ્લા કલેક્ટર)એ, ત્યાર બાદ, આ રીતે ફાળવેલા ઉમેદવારોની નિમણૂકોના હુકમો કરવા જોઇશે અને આવા હુકમો, સંબંધિત ઉમેદવારોને, રજિસ્ટર્ડ રસીદી ટપાલ (RPAD) અથવા સ્પીડ પોસ્ટથી મોકલવા જોઇશે.

૨૨. જગા પર હાજર થવા બાબત.-

જગા પર નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારે, નિમણૂક હુકમ મળ્યાની તારીખથી ૩૦ દિવસની અંદર તેની નિમણૂકની જગા પર હાજર થવાનું રહેશે. ઉમેદવાર, ૩૦ દિવસની અંદર તેની નિમણૂકની જગા પર હાજર થવામાં ચૂક કરે, તો તેની નિમણૂકનો હુકમ નિમણૂક કરનાર સત્તાધિકારી (જેમ કે, સંબંધિત જિલ્લા કલેક્ટર) દ્વારા રદ કરવામાં આવશે.

તેમ છતાં, એવું સાબિત કરવામાં આવે કે ઉમેદવાર પોતાના કાબૂ બહારના કારણોને લીધે ૩૦ દિવસમાં નિમણૂકની જગા પર હાજર થઇ શક્યો ન હતો, તો નિમણૂક કરનાર સત્તાધિકારી (જેમ કે, સંબંધિત જિલ્લા કલેક્ટર), કારણોની લેખિતમાં નોંધ કરીને, ૩૦ દિવસ પૂરા થઇ ગયા પછી પણ આવા ઉમેદવારને નિમણૂકની જગા પર હાજર થવાની છૂટ આપી શકશે.

૨૩. નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ.-

પરીક્ષામાં માત્ર સફળ થવાથી જ ઉમેદવારને નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ અને નિમણૂક કરનાર સત્તાધિકારીને, જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, એવી ખાતરી થાય કે ઉમેદવાર તમામ રીતે જગા પરની અને જાહેર સેવા માટેની નિમણૂક માટે યોગ્ય છે, ત્યાં સુધી કોઇ ઉમેદવારની નિમણૂક કરવામાં આવશે નહિ.

૨૪. નિયંત્રક સત્તાધિકારી.-

મહેસૂલ વિભાગમાં સરકારના સચિવ/ અગ્ર સચિવ/ અધિક મુખ્ય સચિવ, આ નિયમોના અમલ માટે નિયંત્રક અને સંકલન સત્તાધિકારી રહેશે.

૨૫. નિયમોનું અર્થઘટન.-

આ નિયમો પૈકી કોઇના અર્થઘટન બાબતે કોઇ પ્રશ્ન ઊભો થાય, તો તે પ્રશ્ન, નિર્ણયાર્થે મહેસૂલ વિભાગમાં સરકારના સચિવ/ અગ્ર સચિવ/ અધિક મુખ્ય સચિવ-ને મોકલવો જોઇશે અને તે બાબતમાં તેમનો નિર્ણય આખરી ગણાશે.

૨૬. રદ કરવા બાબત અને અપવાદ.-

તાબાની મહેસૂલી સેવા (વર્ગ ૩) ભરતી (પરીક્ષા) નિયમો, ૨૦૦૨ માટે પરીક્ષા માટે કરેલા જૂના નિયમો અને આ નિયમો અમલમાં આવે તે પહેલાં તરત જ અમલમાં આવતા તત્સમાન અન્ય કોઇ નિયમો આથી, રદ કરવામાં આવે છે.

પરંતુ આવી રીતે રદ થયેથી, કોઇ નિયમો હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું અસર કરશે નહિ, તેથી રદ કરવામાં આવે છે.

વધુમાં, આ નિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ નિયમોના આરંભ પહેલાં, તાબાની મહેસૂલી સેવા (વર્ગ ૩) ભરતી (પરીક્ષા) નિયમો, ૨૦૦૨ હેઠળ શરૂ કરવામાં આવેલ કોઇપણ કાર્યવાહી પૂરી ન થાય ત્યાં સુધી, તે (કાર્યવાહી) કાયદેસર ગણાશે.

## પરિશિષ્ટ-ક

(જુઓ નિયમ ૩(૨))

**જિલ્લા કલેક્ટરના નિયંત્રણ હેઠળ આગામી ભરતી વર્ષમાં ભરવાની થતી મહેસૂલી તલાટી, વર્ગ-૩ની ખાલી જગાઓની સંખ્યા દર્શાવતું પત્રક.**

| અનુક્રમાંક | સચિવાલયના વિભાગનું નામ | જગાનું નામ અને જગાનું પગાર ધોરણ | અપેક્ષિત ખાલી જગાઓ | | | અપેક્ષિત ખાલી જગાઓનીકુલ સંખ્યા (કોલમ ૪+૫+૬) |
|---|---|---|---|---|---|---|
| | | | ખરેખર ખાલી જગાઓની સંખ્યા | ભરતી વર્ષ દરમિયાન ઊભી થવાની શકયતા હોય એવી જગાઓની સંખ્યા | નિવૃત્તિ, બઢતી, રાજીનામું વગેરેને કારણે ખાલી પડનાર જગાઓની સંખ્યા | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧ | મહેસૂલ વિભાગ | મહેસૂલી તલાટી (રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે ૧૯૦૦) પે મેટ્રિક્સ લેવલ ૭મા સીપીસી (કેન્દ્રીય પગાર પંચ) મુજબ | | | | |

| ખાલી જગાઓ (કોલમ ૭)ની કુલ સંખ્યાનું સામાન્ય અને અનામત કક્ષાની જગાઓમાં વિભાજન. | | | | | ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૭) માંથી નિયમો મુજબ (નીચેના વર્ગો) માટે અનામત રાખવાની જગાઓની સંખ્યા | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સામાન્ય | આર્થિક નબળા વર્ગ (EWS) | અનુસૂચિત જાતિ (SC) | અનુસૂચિત આદિજાતિ (ST) | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) | સ્ત્રીઓ | | | | | શારીરિક ખોડ-ખાંપણવાળા/ અશક્ત વ્યક્તિઓ | ભૂતપૂર્વ સૈનિકો |
| | | | | | સામાન્ય | EWS | SC | ST | SEBC | | |
| (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) | (૧૫) | (૧૬) | (૧૭) | (૧૮) | (૧૯) |
| | | | | | | | | | | | |

નોંધ:-

## પરિશિષ્ટ-ખ

## (નિયમો ૬(૨), ૧૪(૧))

### ભાગ ૧: મહેસૂલી તલાટી, વર્ગ ૩-ની જગા માટેની પ્રારંભિક પરીક્ષા (MCQs) માટેનો અભ્યાસક્રમ

**ગુણ: ૨૦૦ સમય: ૩ કલાક**

| | | |
|---|---|---|
| ૧. | ગુજરાતી | ૨૦ ગુણ |
| ૨. | અંગ્રેજી | ૨૦ ગુણ |
| ૩. | રાજ્યતંત્ર/જાહેર વહીવટ, અર્થશાસ્ત્ર | ૩૦ ગુણ |
| ૪. | ઈતિહાસ, ભૂગોળ, સાંસ્કૃતિક વારસો | ૩૦ ગુણ |
| ૫. | પર્યાવરણ, સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી | ૩૦ ગુણ |
| ૬. | વર્તમાન બાબતો | ૩૦ ગુણ |
| ૭. | ગણિત અને તાર્કિક ક્ષમતા | ૪૦ ગુણ |
| | **કુલ** | **૨૦૦ ગુણ** |

નોંધ:

૧. હેતુલક્ષી (વૈકલ્પિક) પ્રકારની પ્રારંભિક પરીક્ષામાં, બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQs)નો સમાવેશ થશે.

૨. પરીક્ષાનું માધ્યમ, અંગ્રેજી વિષય સિવાય, તમામ વિષયો માટે ગુજરાતી રહેશે.

૩. દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે.

૪. ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૫. ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૬. દરેક પ્રશ્નમાં, ''પ્રયાસ નહિ કરેલ (નોન એટેમ્પ્ટેડ)''નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માગતો ન હોય, તો તે આ વિકલ્પ પસંદ કરી શકશે. ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે, તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ.

૭. ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઈપણ વિકલ્પ પસંદ કર્યો ન હોય, તો તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૮. અશક્ત વર્ગ સાથે સંબંધિત હોય તેવા ઉમેદવારોને, પ્રશ્નપત્રના દરેક કલાક માટે કલાક દીઠ વીસ મિનિટનો લાગુ પડતો હોય તેટલો વધારાનો સમય આપી શકાશે.

૯. દરેક વિષય માટેનો વિગતવાર અભ્યાસક્રમ, મંડળ દ્વારા ઠરાવવામાં આવે અને જાહેર કરવામાં આવે તે મુજબનો રહેશે.

## પરિશિષ્ટ-ગ

## (નિયમો ૬(૨), ૭, ૧૪(૩))

**મહેસૂલી તલાટી, વર્ગ ૩-ની જગા માટે મુખ્ય પરીક્ષાની પદ્ધતિ અને વિષયોમાં, નીચેના પ્રશ્નપત્રોનો સમાવેશ થશે:**

| પ્રશ્નપત્ર ક્રમાંક | વિષય | ગુણ | સમય |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી ભાષા કૌશલ | ૧૦૦ | ૩ કલાક |
| ૨ | અંગ્રેજી ભાષા કૌશલ | ૧૦૦ | ૩ કલાક |
| ૩ | સામાન્ય અભ્યાસ | ૧૫૦ | ૩ કલાક |
| | **(કુલ ગુણ)** | **૩૫૦** | |

નોંધ:

૧. ગુજરાતી પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમાં ધોરણના ગુજરાતી વિષયો (ઉચ્ચતર કક્ષા)ને સમકક્ષ રહેશે.

૨. અંગ્રેજી પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમાં (૧૨-માં) ધોરણના અંગ્રેજી વિષયો (ઉચ્ચતર કક્ષા)ને સમકક્ષ રહેશે.

૩. સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્રો માટેના અભ્યાસક્રમની વિષય-સૂચિ, પરિશિષ્ટ-ઘ-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની રહેશે.

૪. દરેક પ્રશ્નપત્ર માટેનો વિગતવાર અભ્યાસક્રમ, પરિશિષ્ટ-ઘ-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

૫. મુખ્ય પરીક્ષા માટેના પ્રશ્નપત્રો વર્ણનાત્મક પ્રકારના રહેશે.

૬. અશક્ત વર્ગ સાથે સંબંધિત હોય તેવા ઉમેદવારોને, પ્રશ્નપત્રના દરેક કલાક માટે કલાક દીઠ વીસ મિનિટનો લાગુ પડતો હોય તેટલો વધારાનો સમય આપી શકાશે.

**પરિશિષ્ટ - ઘ**

**(નિયમો ૬(૨), ૭, ૧૪(૩))**

**મહેસૂલી તલાટી, વર્ગ ૩-ની જગા માટે મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ (વર્ણનાત્મક કસોટી)**

| **પ્રશ્નપત્ર-૧** | **ગુજરાતી (મુખ્ય પરીક્ષા)** | **(વર્ણનાત્મક)** |
|---|---|---|
| **ગુણ-૧૦૦** | **માધ્યમ-ગુજરાતી** | **સમય-૩ કલાક** |
| **અનુક્રમાંક** | **અભ્યાસક્રમની વિગત** | **ફાળવેલ ગુણ** |
| ૧. | નિબંધ : ત્રણ પૈકી કોઈપણ એક (આશરે ૨૦૦ શબ્દોમાં)<br>(વર્ણનાત્મક/વિશ્લેષણાત્મક/ચિંતનાત્મક/સાંપ્રત સમસ્યા પર આધારિત) | ૧૦ |
| ૨. | વિચાર-વિસ્તાર (ત્રણ પૈકી કોઈપણ બે) કાવ્યપંક્તિઓ કે ગદ્યસૂક્તિનો વિચાર-વિસ્તાર (આશરે ૧૦૦ શબ્દોમાં પ્રત્યેક) | ૧૦ |
| ૩. | સંક્ષેપીકરણ: આપેલા ગદ્યખંડમાંથી આશરે ૧/૩ ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ. | ૧૦ |
| ૪. | ગદ્યસમીક્ષા: આપેલા ગદ્યખંડના આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ લખો. | ૦૫ |
| ૫. | પ્રચાર માધ્યમો માટે નિવેદનો તૈયાર કરવા (આશરે ૨૦૦ શબ્દોમાં). | ૧૦ |
| ૬. | પત્રલેખન (અભિનંદન/શુભેચ્છા/વિનંતી/ફરિયાદ વગેરે) (આશરે ૧૦૦ શબ્દોમાં). | ૦૫ |
| ૭. | ચર્ચાપત્ર (આશરે ૨૦૦ શબ્દોમાં) (વર્તમાનપત્રમાં પ્રજાના પ્રશ્નો/ સાંપ્રત સમસ્યાઓ/ વ્યક્તિગત અભિપ્રાય રજૂ કરતું ચર્ચાપત્ર). | ૧૦ |
| ૮. | અહેવાલલેખન (આશરે ૨૦૦ શબ્દોમાં). | ૧૦ |
| ૯. | ભાષાંતર : અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ. (૧૦ વાક્યો) | ૧૦ |
| ૧૦. | ગુજરાતી વ્યાકરણ<br>સૂચવ્યા મુજબ જવાબ લખો (આ પ્રશ્નોમાં આંતરિક વિકલ્પો રહેશે નહિ.):<br>(૧) રૂઢિપ્રયોગોના અર્થ અને તેનો વાક્યપ્રયોગ<br>(૨) કહેવતોનો અર્થ અને વાક્યપ્રયોગ<br>(૩) સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ<br>(૪) છંદ ઓળખાવો (બે)<br>(૫) અલંકાર ઓળખાવો (બે)<br>(૬) શબ્દસમૂહ માટે એક શબ્દ (બે) | ૨૦ |

(૭) જોડણી શુદ્ધિ (બે)

(૮) લેખન શુદ્ધિ/ ભાષા શુદ્ધિ (બે)

(૯) સંધિ - જોડો કે છોડો (બે)

(૧૦) વાક્ય રચનાના અંગો/ વાક્યના પ્રકાર/ વાક્ય પરિવર્તન

**(કુલ: ૧૦૦)**

| **પ્રશ્નપત્ર ૨** | **અંગ્રેજી (મુખ્ય પરીક્ષા)** | **(વર્ણનાત્મક)** |
|---|---|---|
| **ગુણ-૧૦૦** | **માધ્યમ-અંગ્રેજી** | **સમય-૩ કલાક** |
| **અનુક્રમાંક** | **પ્રશ્નનો પ્રકાર** | **ફાળવેલ ગુણ** |
| ૧. | નિબંધ: (આશરે ૧૫૦ શબ્દોમાં)<br>ત્રણ વિષયોની યાદીમાંથી કોઇપણ એક વિષય પસંદ કરો: (વર્ણનાત્મક/વિશ્લેષણાત્મક/ચિંતનાત્મક/વર્તમાન બાબતો પર આધારિત) | ૧૦ |
| ૨. | પત્રલેખન (આશરે ૧૫૦ શબ્દોમાં) :<br>કોઇ મુદ્દા પર કોઇ વ્યક્તિનો અભિપ્રાય અભિવ્યક્ત કરતો એક ઔપચારિક પત્ર.<br>મુદ્દા દૈનિક કચેરી બાબતો/ કચેરીમાં ઊભી થયેલી કોઇ સમસ્યા/ ઉપરી અધિકારી દ્વારા શોધાયેલા ઉકેલના સમર્થનમાં અભિપ્રાય/ તાજેતરની ઘટના સંબંધિત મુદ્દા-વગેરે સંબંધિત હોઇ શકે છે. | ૧૦ |
| ૩. | અહેવાલલેખન (આશરે ૧૫૦ શબ્દોમાં):<br>કચેરી કામગીરી/ કાર્યક્રમ/ ફીલ્ડ ટ્રિપ (ક્ષેત્રીય મુલાકાત)/ સરવે પર આધારિત એક અહેવાલ. | ૧૦ |
| ૪. | દ્રશ્ય (વિઝ્યુઅલ) માહિતી પર લેખન (આશરે ૧૫૦ શબ્દોમાં) :<br>ગ્રાફ/ આકૃતિ/ ફ્લો ચાર્ટ/ ટેબલ ઓફ કમ્પૅરિઝન/ સાદી આંકડાકીય માહિતી-વગેરે પર આધારિત એક અહેવાલ. | ૧૦ |
| ૫. | ઔપચારિક પ્રવચન (આશરે ૧૫૦ શબ્દોમાં) :<br>ઔપચારિક કામગીરીમાં વાંચવાનું થતું હોય તેવું (ઔપચારિક શૈલીમાં) પ્રવચન. તે કોઇ ઉદ્ઘાટન પ્રવચન, કોઇ શૈક્ષણિક સેમિનાર/ કોન્ફરન્સ (પરિષદ), કોઇ મહત્વનો ઔપચારિક પ્રસંગ-વગેરે હોઇ શકે. | ૧૦ |
| ૬. | સંક્ષેપ લેખન :<br>૧૫૦ શબ્દોના ગદ્યખંડમાંથી આશરે ૫૦ શબ્દોમાં સંક્ષેપ લેખન. | ૧૦ |
| ૭. | ગદ્યસમીક્ષા :<br>(ગદ્ય) વાંચન માટે આશરે ૨૫૦ શબ્દોનો ગદ્યખંડ આપવામાં આવશે જેની નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપવાના રહેશે. | ૧૦ |
| ૮. | અંગ્રેજી વ્યાકરણ: (નીચેના (વિષયો)માંથી દરેકના ૨ ગુણ હોય તેવા ૧૦ પ્રશ્નો)<br>ક. કાળ (Tenses)<br>ખ. વૉઇસ<br>ગ. નેરેશન (ડાયરેક્ટ-ઇનડાયરેક્ટ)<br>ઘ. વાક્ય પરિવર્તન<br>ચ. આર્ટિકલ્સ અને ડિટર્મિનર્સ-નો ઉપયોગ<br>છ. સર્વનામોનો ઉપયોગ | ૨૦ |

જ. શબ્દસમૂહો (ફ્રેઝલ વર્બ્સ)નો ઉપયોગ

ઝ. રૂઢિપ્રયોગોનો ઉપયોગ

ટ. સમાનાર્થી/ વિરોધી

ઠ. શબ્દસમૂહ માટે એક શબ્દ

૯. ભાષાંતર: ૧૦ વાક્યોનું ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર. ૧૦

**કુલ: ૧૦૦**

**પ્રશ્નપત્ર ૩ સામાન્ય અભ્યાસ (મુખ્ય પરીક્ષા) (વર્ણનાત્મક)**

**ગુણ-૧૫૦ માધ્યમ-ગુજરાતી સમય ૩ કલાક**

**ફાળવેલ ગુણ**

(ક) ગુજરાતનો તથા ભારતનો ઈતિહાસ ૧૫

(ખ) સાંસ્કૃતિક વારસો (ગુજરાતને પ્રાધાન્ય) ૧૫

(ગ) ગુજરાત તથા દેશની ભૂગોળ ૧૫

(ઘ) વિજ્ઞાન અને ટેકનોલોજી ૧૦

(ચ) પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્વની ઘટનાઓ, વર્તમાન બાબતો સહિત ૩૦

(છ) ભારતીય રાજ્ય વ્યવસ્થા અને બંધારણ ૨૦

(જ) ભારતીય અર્થતંત્ર અને આયોજન ૧૫

(ઝ) જાહેર વહીવટ અને શાસન, સરકારશ્રીની યોજનાઓ વિષયક જાણકારી ૨૦

(ટ) જાહેર સેવામાં શિસ્ત તથા નિતિમત્તા (Ethics) ૧૦

**કુલ ગુણ : ૧૫૦**

**પ્રશ્નપત્ર-૩ના પ્રશ્નો અને ગુણની ફાળવણીની પદ્ધતિ (સામાન્ય અભ્યાસ)**

| **પ્રશ્ન દીઠ ગુણ** | **પ્રશ્નની સંખ્યા** | **કુલ ગુણ** |
|---|---|---|
| ૧ | ૧૦ | ૧૦ |
| ૨ | ૧૦ | ૨૦ |
| ૩ | ૩૦ | ૯૦ |
| ૫ | ૬ | ૩૦ |
| **કુલ** | **૫૬** | **૧૫૦** |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સચિન પટવર્ધન,**

સરકારના સંયુક્ત સચિવ.

--------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.19 08:36:55 IST